**ADDITIONAL CHIEF METROPOLITAN MAGISTRATE COURT NO.16, AHMEDABAD**

**CRIMINAL CASE NO. 74862 /2018**
**EXH. NO.3**

| | | |
|---|---|---|
| 1 | Date of the Commission of the offence | 14/06/2018 |
| 2 | Date of the report of the complaint | 14/06/2018 |
| 3 | Name of complainant with present age, place of residence etc. | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| 4 | Name of present age and place of residence etc. of the accused offence commission of | વિનોદ ગંગારામ યાદવ,કાલુપુર, અમદાવાદ |
| 5 | (A) Name of present age and place of residence<br>(B) Offence proved<br>(C) Value of stolen property | ઈ.પી.કો.ક. ૨૮૩<br>–<br>– |
| 6 | Accused plea and examination of any | |

સવાલ :– તમો આરોપી ને પોલીસ ચાર્જશીટ સાથે ના કેસ પેપર્સની નકલ મળી છે?

જવાબ :– હાજી

સવાલ :– તમો આરોપી ઉપર ફરીયાદ પક્ષે એવો આક્ષેપ છે કે તમો આરોપીએ તા.૧૪/૦૬/૧૮ ના કલાક ૧૨–૪૫,વાગે કાલુપુર ઈનગેટ સામે એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે બાજુમાં જાહેર રોડ ઉપર પોતાની રેડીમેઈડ કપડાની લારી ઉભી રાખી આવતા જતા રાહદારી તેમજ ટ્રાફીક ને અડચણ પેદા કરી ઈ.પી.કો.ક.૨૮૩,મુજબનો ગુનો આ અદાલતની હકુમત માં કરેલ છે જે ગુનો તમોને કબુલ છે.

જવાબ :– મને ગુનો કબુલ છે.

મુકામ.: અમદાવાદ મારી રૂબરૂ

તારીખ.: ૧૪–૦૮–૧૮

–––––––––

એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬, અમદાવાદ

આરોપી ને નિવેદન વાંચી, સંભળાવતા ખરૂ હોવાનું સ્વીકારેલ છે.

એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬, અમદાવાદ

7. The finding and in the case of conviction a brief statement of the reasons therefor

આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતા અગાઉ આરોપીને ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે રહેલ છે તેવી રજુઆત કરેલ છે.આરોપી ને ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજા ની જોગવાઈ સમજવતા છતા તેઓ ગુનો કબુલાત ને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઈ કારણ નથી આથી આરોપીને ઈ.પી.કો.ક. ૨૮૩ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે.

આ કામે હાલના કેસમા આરોપીનો પ્રથમ ગુનો છે અને જો આરોપીને કાયદાનુસાર શિક્ષા કરવામા આવેતો આરોપી રીઢા ગુનેગારના સંપર્કમાં આવે જેથી તેના જીવન પર અસરથાય તેમછે જેથી આરોપીને કાયદામા સુચવેલ ન્યુનતમ શિક્ષા કરતા હળવી સજા કરવામા આવે તો તેથી ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.આથી ન્યાયના હિતમા નીચે પ્રમાણે હુકમ કરવામા આવે છે.

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૨ અન્વયે ઈ.પી.કો. ક. ૨૮૩ ના ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપીને રૂપીયા **૨૦૦/–અંકે રૂપીયા બસો પુરા** દંડ કરવામા આવે છે જો આરોપી દંડ ન ભરે તો આરોપીને દિન–૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

આ કામે કબજે કરેલ મુદામાલ ચાર પૈડાની લારી અંગે પી.આઈ.શ્રી કાલુપુર,ના ઓએ માલીકી અંગેની ખરાઈ કરી માલીક ને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

મુકામ.: અમદાવાદ
તારીખ.:૧૪/૦૮/૧૮

ઈન્ચાર્જ::એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ

કોર્ટ નં.૧૬, અમદાવાદ

એસ.બી.રાઠોડ.પી.એ.